ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*કૌભાંડથી પરીક્ષા પેપરે થાય લીકેજ!*
*બેદરકારી પરિણામે ગેસમાં થાય લીકેજ!*
*'ટકાવારી' વિવાદે ખાયકીમાંય થાય લીકેજ!*
*મળે પ્રસાદ ખાનગી દસ્તાવેજો થાય લીકેજ!*

### હાઈકુ

*ભૂલ સુધારો*
*મમતાને જીતાડો*
*બીનહરિફ!*
*(ઈમેજ સુધારો)*

*જવું પડશે!*
*કર્મચારી હાલતે -*
*રડ્યું આકાશ!*
*(૧૦૦% હાજરી)*

### ચિંતન

*અદ્ભિર્ગાત્રાણિ શુધ્યન્તિ, મનઃ સત્યેન શુધ્યતિ ।*
*વિદ્યા તપોભ્યામ્ ભૂતાત્મા, બુદ્ધિ જ્ઞાનેન શુધ્યતિ ॥*

ઉપરોક્ત શ્લોક વિદૂરનીતિમાંથી લેવામાં આવેલ છે.

પાણીથી શરીરના અવયવો શુદ્ધ થાય છે અને સત્ય વાણીથી મન સાફ થાય છે, એટલે કે સત્ય બોલવાથી મન હળવું ફૂલ - પ્રસન્ન રહે છે, વિદ્યા તથા તપ દ્વારા જ્ઞાન મેળવીને આત્મા શુદ્ધ થાય છે. જ્ઞાન પ્રાપ્ત કરવાથી મન-બુદ્ધિ વિચાર પણ શુદ્ધ થાય છે.

ખોટું બોલવાથી કે ખોટું કરવાથી દુરાચારથી મન પર ભાર રહે છે, પ્રસન્નતાનો નાશ થાય છે. આથી સત્ય બોલીને હળવા થઈ જવાથી માનસિક શાંતિ રહે છે.

તપથી વિદ્યા મળે છે, તપથી મન અને શરીરને કષ્ટ તો પડે છે પણ 'સહનશક્તિ' કેળવાય છે એ તપ છે જ્ઞાન અને તપથી આત્મા શુદ્ધ થાય છે.

જીવાત્માની શુદ્ધિ સદ્‌વિચાર આવે સાત્ત્વિક વિચાર મંથનથી આત્મા શુદ્ધ થાય, હકારાત્મક વિચારથી આચરણ શુદ્ધ થાય છે. જ્ઞાનથી બુદ્ધિ શુદ્ધ થાય અને સદ્‌બુદ્ધિથી જીવન ઉન્નત થાય છે. આમ વિદ્યા અને તપથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

### સુવિચાર

- જીન આંખોં કો 'સજદે' મેં રોને કી આદત હો,
  વો આંખે કભી અપને મુકદર પે રોયા નહીં કરતી - **દર્શન પુરાણી**
- બધા કહે છે કે કામ હોય તો યાદ કરજો સાહેબ,
  પણ જયારે કામ પડ્યું ત્યારે બધા કામમાં હતા - **એસ. ભટ્ટાચાર્ય**
- હૃદયમાં તિરાડ પડી હોયને, તો એમાં ઈર્ષ્યાની જવાળા નહીં પણ લાગણીના બી વાવજો - **જનકલ્યાણ**
- મિત્ર અને મંત્ર પર કદી અવિશ્વાસ ન રાખશો - **ધ્વનિત**
- કયા હકથી કહું પ્રભુ, તું મને ગમતું કર...
  હું તો તમને અગરબત્તી પણ મને ગમતી કરું છું - **ભૂપત વડોદરિયા**
- ઉપદેશ અર્જુનને અપાય બાકી કંસને તો મારવો જ પડે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : મોટો ચમટો મધ સાથે બે લીંબુનો રસ નવશેકા પાણી સાથે મિક્સ કરી પીવાથી ડિપ્થેરિયામાં તરત રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પહાડના ટોચ પર રાજાએ વિશ્રામ કરવા માટે મોટો મહેલ બનાવ્યો હતો. એકવાર રાજયના ધનવાનોને ત્યાં આમંત્રણ આપ્યું હતું. રાણી સાહેબે એક અતિ કિંમતી હીરાનો હાર પહેર્યો હતો. સૌ મહેમાનોની નજર હાર પર પડતી હતી અને રાણી સાહેબ મનોમન અતિ પ્રસન્ન થઈ રહ્યા હતા. એ વખતે એક બાજ પક્ષી આવ્યું અને રાણી સાહેબનો કિમતી હાર ચાંચમાં લઈ ઊડી ગયું. રાજા ખુદ પેલા પક્ષી પાછળ હાર લેવા દોડ્યા. પાછળ સિપાઈઓ પણ દોડ્યા. સૌએ જોયું બાજ પહાડના શિખર પર બેઠું અને પેલો હાર એની ચાંચમાંથી પડ્યો. રાજાએ સિપાઈઓને હાર પડતો જોયો પણ કયાં પડ્યો એ તેમને દેખાયું નહીં. સૌ પહાડ નીચે ચારેબાજુ શોધવા લાગ્યા. પણ કયાંક હાર મળ્યો નહીં. રાણી તો રોઈને અધમુઈ થઈ ગઈ. બીજો દિવસે સવારે કેટલાક લોકોએ વ્હેતા ઝરણામાં એ ચમકતો હાર જોયો. કેટલાક તરવૈયા સિપાઈ હાર લેવા ઝરણામાં ઊંડે ઉતર્યા. પણ હાર મળ્યો નહીં. સૌ ઉદાસ હતા. એવામાં એક સંત ત્યાંથી પસાર થયા. તેમણે સિપાઈથી બનાવની હકીકત જાણી. સંત ઝરણા વચ્ચે કમરસમા પાણીમાં ઊભા રહ્યા. અને પાણીને હાથની થાપટ મારીને બોલ્યા. 'પહાડ પર પહોંચી જાવ અને એના શિખર પર રહેલા હારને શોધી કાઢો.' સિપાઈએ શિખર પર પહોંચ્યા અને એમને હાર મળ્યો. રાજાએ સંતને રહસ્ય પૂછ્યું ત્યારે તેમને જવાબ આપ્યો. 'મહારાજા, હાર તો શિખર પર જ હતો. એનું પ્રતિબિંબ ઝરણાના પાણીમાં દેખાતું હતું. અને તમે સૌ એને ઝરણાના પાણીમાં શોધી રહ્યા હતા. રાજાએ કહ્યું, 'આ તો અમને સમજાયું જ નહીં, હાર શિખર પર અને એની શોધ નદીમાં.''

સંતે મર્મમાં કહ્યું, 'રાજન, આવી જ રીતે આપણે ભૌતિક વસ્તુઓની પ્રાપ્તિમાં સુખની શોધ કરીએ છીએ, જયારે સુખ તો આપણા અંતરમાં વસે છે.' રાજા, રાણી અને ત્યાં હાજર સૌ ને સંતની વાતનો મર્મ સમજાયો.

# આયારામ-ગયારામની રાજકીય સંસ્કૃતિની બોલબાલા

**તંત્રીસ્થાનેથી...**

તમે કોઈ પણ કોંગ્રેસી નેતાનાં છેલ્લાં દસવીસ વરસનાં ભાષણોમાં ક્લિપિંગ્સ જોશો તો એમાં ભારતીય જનતા પાર્ટીને સાંપ્રદાયિક પાર્ટી તરીકે ઉતારી પાડનારી અને દેશની બે મુખ્ય પ્રજાઓ વચ્ચે વિભાજનકારી નકારાત્મક અભિગમ ધરાવતી પાર્ટી તરીકેની બેફામ ભાંડણલીલા જોવા મળશે. વળી એના પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘને તો એ મહાનુભાવો સીધો જ ગાંધી હત્યાનો ગુનેગાર ઠેરવવા મથતા રહ્યા છે. હવે એ જ નેતાઓને ભારતી જનતા પાર્ટી એક પછી એક પોતાની અંદર માનભેર સમાવતી જાય છે, કોંગ્રેસને દેશભરમાંથી નેસ્તનાબૂદ કરવા નરેન્દ્ર મોદીના સંકલ્પને સાકાર કરવા માટે એમને જે બેફામ ગાળો દેનારા કોંગ્રેસી નેતાઓને કેસરિયો પહેરાવી દેવામાં કઈ નૈતિકતા છે? પરંતુ રાજકારણ આવાં નૈતિક મૂલ્યો પર નથી ચાલતું, નૈતિક મૂલ્યોવાળું રાજકારણ કરનારી જયપ્રકાશ નારાયણ અને મોરારજી દેસાઈની પેઢી ક્યારનીય પૂરી થઈ ગઈ છે. હવે તો દેવીલાલ-ભજનલાલ બ્રાન્ડ 'આયારામ-ગયારામ' વાળી કૂટનીતિ જ સત્તા મેળવવા માટે કારગત ગણાય છે. કોંગ્રેસમાં પ્રભાવી નેતૃત્વના અભાવે એક પછી એક કાંગરા ખરતા જાય છે અને સોનિયા-રાહુલ-પ્રિયંકાની પરિવારત્રિપુટી લાચાર થઈને જોયા કરે છે. રાહુલ ગાંધીએ યુવા નેતાઓની બ્રિગેડ તૈયાર કરી હતી તે લગભગ પૂરેપૂરી વેરવિખેર થઈ ગઈ છે. રાજીવ ગાંધીની મંડળીમાં ગુજરાતી સિતારા અહમદ પટેલ કે ઈંદિરા ગાંધીના વિશ્વાસુ સાથી અર્જુનસિંહ, પ્રણવ મુખર્જી અને નરસિંહરાવ કે માધવસિંહ સોલંકી આ પ્લેનેટ પર નથી રહ્યા. શરદ પવારે વર્ષો પૂરે કોંગ્રેસ છોડી દીધી હતી. મમતા બેનરજીએ પણ પરિવારના પિંજરામાં પુરાઈ રહેવાને બદલે પોતાની આગવી ઓળખ ઊભી કરવા નવી પ્રાદેશિક પાર્ટી સ્થાપી હતી. રાહુલ ગાંધીની યુવા મંડળીમાં સૌથી વધુ પ્રભાવી નેતા 'ગ્વાલિયર નરેશ' જયોતિરાદિત્ય સિંધિયા હતા. પ્રતાપી પિતાના આકસ્મિક અવસાન પછી એ રાજકારણમાં પ્રવેશ્યા હતા અને મોટી આશાઓ જગાવી રહ્યા હતા. કોંગ્રેસ એમને સાચવી ના શકી. ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાની - તેઓ પ્રભાવી વક્તા તરીકે ત્યાંના પ્રભારી નિમાતા રહ્યા. દેખીતું છે કે મોદી અને આરએસએસ પર પસ્તાળ પાડવામાં એમણે કશી મણા જ ન રાખી હોય. ભારતીય જનતા પાર્ટીમાં ટેકેદારો સહિત પ્રેશ કરી એમને કટ્ટર કોંગ્રેસી હરીફ કમલનાથની ગાદી ઝૂંડવીને ભાજપના શિવરાજસિંહ ચૌહાણને ધરી દીધી. હજી એમનું ઠેકાણું તો પડ્યું જ નથી. રાજસ્થાનમાં સચીન પાઈલટ ધારી સંખ્યામાં બળવાખોર ધારાસભ્યો ભેગા ન કરી શક્યા એટલે નીચી મૂંડીએ પ્રિયંકા ગાંધીની સલાહ માની કોંગ્રેસમાં હાંસિયે ચડી ગયા છે. 'જાદુગર' મુખ્યમંત્રી અશોક ગહલોત એમને દાદ થોડા દેવાના છે? ઊલટાનું નાયબ મુખ્યમંત્રી પદ ગુમાવ્યું. ઉત્તરપ્રદેશમાં એક જમાનામાં બ્રાહ્મ લોબી બહુ જ પાવરફુલ ગણાતી હતી. ગોવિંદ વલ્લભ પંતથી લઈ કમલાપતિ ત્રિપાઠી અને હેમવંતીનંદન બહુગુણા સુધીના વરિષ્ઠ નેતાઓ પછી ઈંદિરા ગાંધીના શાસનકાળ દરમિયાન જિતેન્દ્ર પ્રસાદ મહત્ત્વના નેતા હતા. સોનિયા ગાંધી વિરુદ્ધ રાષ્ટ્રીય અધ્યક્ષ પદની ચૂંટણી પણ લડ્યા હતા અને હાર્યા હતા. જિતિન પ્રસાદ એમના રાજકુંવર છે. ત્રણ પેઢીના કોંગ્રેસી રાજકારણનો ઉલાળિયો કરીને એ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે કારણ કે તેઓ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં વારંવાર હારતા રહ્યા છે. ભાજપ એમને જરૂર ટિકિટ આપશે અને કદાચ ઉત્તરપ્રદેશમાં ભાજપ ફરી સત્તા પર આવશે તો મંત્રી બનવાનું એમનું સપનું પણ સાકાર થઈ શકે છે. જિતિન પ્રસાદ મનમોહનસિંહની સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે એ રાહુલ બ્રિગેડના ચાર મુખ્ય નેતાઓ પૈકીના એક ગણાતા રહ્યા છે. જયોતિરાદિત્ય મધ્યપ્રદેશમાં, જિતિન પ્રસાદ ઉત્તરપ્રદેશમાં, મિલિંદ દેવરા - મુંબઈ-મહારાષ્ટ્રમાં અને સચીન પાઈલટ રાજસ્થાનમાં રાહુલ ગાંધીની યુવામંડળીના પ્રભાવશાળી નેતાઓ ગણાતા હતા. હવે એ વેરવિખેર થઈ ગયા છે. જિતિનપ્રસાદને નરેન્દ્ર મોદી 'ન્યુ ઈન્ડિયા' બનાવી રહ્યા છે એમાં સહયોગી બનવું છે. હવે ભાજપા જ એમને એક માત્ર રાષ્ટ્રીય પક્ષ લાગે છે. જો કે છેક હમણાં સુધી એ ભાજપને એક સંઘને અને મોદીને કેવા શુભમંગળ શબ્દોમાં નવાજતા હતા એ સાંભળીએ તો એમ જ લાગે કે શું ભાજપને ઉત્તરપ્રદેશમાં સત્તા ટકાવવા આટલી હદે નીચે ઊતરવાની જરૂર ઊભી થઈ ગઈ છે?

# સમર્પણ, પ્રેમ અને ભક્તિ : ત્રિવક્રાના ત્રણ ગુણ

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



એ એકરૂપી હતી. એની પીઠ ઉપર ખૂંધ નીકળેલી. શરીર ત્રણ રીતે વક્ર હતું એ કુબ્જા હતી. કુબ્જ એટલે ખૂંધ. એનું નામ જ પડી ગયેલું ત્રિવક્રા. પરંતુ એ મથુરાના રાજા કંસની પ્રિય દાસી હતી. એનું કામ આ ચંદન મિશ્રિત સુગંધી લેપ બનાવે. કંસ માટેનો આ અંગરાગ.

એકવાર એ અંગલેપ લઈને ઘરેથી નીકળી. મથુરાના રાજમાર્ગ ઉપર આવી. કંસ પાસે જવાનું હતું એને ખબર હતી. 'મથુરામાં શ્રીકૃષ્ણ એમના ભાઈ બલરામ સાથે આવ્યા છે.' નગરજનો શ્રીકૃષ્ણની મનોહારિતા, પરાક્રમ અને સંસ્કારિતાના વખાણ કરે.

ભરચક રાજમાર્ગ ઉપર ત્રિવક્રા આગળ વધી; તો ખરેખર શ્રીકૃષ્ણ-બલરામ સામેથી આવ્યા હતા. એ શ્રીકૃષ્ણને જોઈને મુગ્ધ થઈ ગઈ. પ્રભાવિત થઈ ગઈ. શ્રીકૃષ્ણે એને પૂછ્યું, એના ઉત્તરમાં એણે જણાવ્યું - 'હું મહારાજ કંસની દાસી ત્રિવક્રા છું. આ ચંદનલેપ એના માટેનો છે.' શ્રીકૃષ્ણે કહ્યું, 'આમાંથી મને આપ.' ત્રિવક્રાએ અંગલેપનું સમગ્ર પાત્ર એને આપી દીધું! શ્રીકૃષ્ણ ઉપર મુગ્ધ તો હતી. પ્રકૃતિ પોતાની સાત્ત્વિક. એટલે સમર્પણ ભાવ જાગ્યો. 'આ લેપ કંસ માટેનો છે. એના શત્રુને આપી રહી છે.'



એવો સહેજ પણ વિચાર ન કર્યો અને કહ્યું, - 'તમે ઉત્તમ પુરુષ છો. આ લેપ તમને જ શોભે.'

શ્રીકૃષ્ણ અને બલરામે ચંદન લેપ લગાવ્યો. બંને પ્રસન્ન થયા. શ્રીકૃષ્ણે એના સમર્પણભાવની કદર કરવાનો નિર્ણય કર્યો. એ ઊભી હતી, એના બંને પગ ઉપર પોતાના પગ મૂક્યા. નજીક આવ્યા. પોતાની બંને હથેલીમાં એની હડપચી રાખી, ઉપરની દિશાએ ત્રાટકો માર્યો. આશ્ચર્ય વચ્ચે, એના દેહની ત્રણેય વક્રતા જતી રહી. દેહ સમરુપ થઈ ગયો. એ અત્યંત સૌંદર્ય ધરાવતી યુવતી થઈ ગઈ! ત્રિવક્રાને તો આનંદ અને આશ્ચર્યની અવધિ આવી ગઈ. અત્યંત આભારવશ થઈને પગમાં પડી. શ્રીકૃષ્ણને વિનંતી કરી. 'સ્વામી! મારું આંગણું પાવન કરો.' શ્રીકૃષ્ણએ આશ્વાસન આપ્યું, 'હું કંસનો વધ કરી નાખું, પછી તારે ઘરે ચોક્કસ આવીશ.' આ અદ્‌ભૂત ઘટના ભરચક રાજમાર્ગ પર બની. બંને ભાઈઓએ એની વિદાય લીધી.

હવે ત્રિવક્રાએ રાજસેવા છોડી દીધી. એ પ્રતીક્ષા કરવા લાગી - 'એ દિવસ કયારે આવશે ?' એમાં એને સમચાર મળ્યા. 'શ્રીકૃષ્ણે કંસનો વધ કરી નાખ્યો છે.' હવે એની પ્રતીક્ષા તીવ્ર બનવા લાગી. એને વિશ્વાસ હતો - 'આવશે જ.'

અને ખરેખર એ દિવસ આવી પહોંચ્યો એની જાતે જ એની પોતાની ઈચ્છાથી શ્રીકૃષ્ણ ત્રિવક્રાને દ્વારે આવીને ઊભા રહ્યા.' ત્રિવક્રાએ હોંશભેર સ્વાગત કર્યું. લજ્જા અને સંકોચ સાથે અંગલેપ સમર્પિત કર્યો. શ્રીકૃષ્ણે એના બે હાથ પકડીને એની શૈયા ઉપર બેસાડી. એનો પાવનકારી સ્પર્શ થતાંની સાથે જ ત્રિવક્રાના મોહ અને આસક્તિ જતાં રહ્યા, અને અવિચળ વિશુદ્ધ ભક્તિભાવ પ્રગટ્યો અને દૃઢ બન્યો.

ત્રિવક્રા એના ચરણોમાં પડી. પોતાની પ્રસન્નતાથી વહેતાં નિર્મળ અશ્રુથી અભિષેક કરતી રહી.

# જૈન ધર્મનો સર્વાધિક પ્રચાર કયા સમૂહમાં થયો ?

**ખજાનો**
**અનિલ પટેલ**



## ભારતનો ઈતિહાસ

૧ નીચેનામાંથી કયા સમાચારપત્ર સાથે ગાંધીજી સંકળાયેલા છે?
(અ) વંદે માતરમ્ (બ) નેશનલ હેરાલ્ડ
(ક) હરિજન (ડ) કેસરી

૨ કયા અનાજથી હડપ્પીય સંસ્કૃતિના લોકો અજાણ હતા?
(અ) ચોખા (બ) કપાસ
(ક) જવ (ડ) રાગી

૩ ઉપનિષદો શેનાં પુસ્તકો છે?
(અ) ધાર્મિક ક્રિયાકાંડ (બ) કાયદાનાં
(ક) રાજકીય સિદ્ધાંતોનાં (ડ) તત્ત્વજ્ઞાનનાં

૪ ગુજરાતના ચાલુક્ય વંશના કયા શાસકે ૧૧૭૮માં આબુ પાસે મહંમદ ઘોરીન પરાજિત કર્યો?
(અ) મુળરાજ બીજો (બ) વનરાજ ચાવડો
(ક) ભીમરાવ બીજો (ડ) જગન્નાથ પહેલો

૫ કયા વેદની રચના ગદ્ય અને પદ્ય બંનેમાં રચાયેલ છે?
(અ) અથર્વવેદ (બ) યજુર્વેદ
(ક) સામવેદ (ડ) ઋગ્વેદ

૬ કોના મોગલશાસન કાળ દરમિયાન ચિત્રકલા ટોચ પર પહોંચી?
(અ) અકબર (બ) શાહજહાં
(ક) બાબર (ડ) જહાંગીર

૭ ત્રણેય ગોળમેજી પરિષદમાં ભાગ લેનાર વ્યક્તિ કોણ હતી?
(અ) આંબેડકર (બ) ગાંધીજી
(ક) ગોખલે (ડ) તિલક

૮ જૈન ધર્મનો સર્વાધિક પ્રચાર કયા સમૂહમાં થયો ?
(અ) શાસક (બ) વેપારી
(ક) ખેડૂત (ડ) મજૂર

૯ ઉત્તર રામચરિત્ર કોણે લખ્યું ?
(અ) શુદ્રક (બ) ભવભૂતિ
(ક) હર્ષ (ડ) તુલસીદાસ

૧૦ ગ્રાન્ટ રોડનું નિર્માણ કોના દ્વારા થયું હતું ?
(અ) ચંદ્રગુપ્ત મૌર્ય (બ) શેરશાહ
(ક) શાહજહાં (ડ) અકબર

૧૧ ગુપ્તકાળમાં સોનાની મુદ્રા કયા નામે ઓળખાતી ?
(અ) ગીની (બ) આના
(ક) દિનાર (ડ) કર્પણ

૧૨ કોની ભલામણના આધારે બંધારણ સભા ઘડવામાં આવી?
(અ) માઉન્ટ બેટન યોજના (બ) ક્રિપ્સ મિશન
(ક)ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૫ (ડ) કેબીનેટ મિશન યોજના

૧૩ બનારસ હિન્દુ યુનિવર્સિટી કોણે સ્થાપી?
(અ) દાદાભાઈ નવરોજી (બ) પંડિત મદનમોહન માલવિયા
(ક) ગોપાલકૃષ્ણ ગોખલે (ડ) બાળ ગંગાધર તિલક

૧૪ નીચેનામાંથી કયો મઠ આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપવામાં આવેલ નથી?
(અ) કાંચી (બ) દ્વારકા
(ક) શ્રૃંગેરી (ડ) પુરી

૧૫ જૈન ધર્મમાં સંપૂર્ણ જ્ઞાન એટલે....
(અ) જીન (બ) રત્ન
(ક) કેવલ્ય (ડ) નિર્વાણ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૧ જૂન :
  - નોબલ પુરસ્કાર સન્માનિત જાપાની સાહિત્યકાર યાસુનારી કાવાલાતાનો જન્મ દિવસ (૧૮૯૯)
  - બિહારની રાજનીતિમાં શિરમોર એવા રાજકારણી લાલુપ્રસાદ યાદવનો જન્મદિવસ (૧૯૪૮)
  - સમુદ્રશાસ્ત્રના નિષ્ણાત તથા એન્જિનિયર જેકોબ કૌસ્ટેયાનો જન્મદિવસ (૧૯૧૦)
  - એરિકન એકટ્રેસ રુબી ડીનું અવસાન (૨૦૧૪)
- ૧૨ જુન : બાળ મજુરી વિરોધી દિવસ
  - આંદોલન દરમિયાન ભાંગફોડના આરોપ સર નેલ્સન મંડેલાને જેલ થઈ (૧૯૬૪)
  - બોરીસ યેલ્તસિન રશિયાના પ્રમુખ બન્યા (૧૯૯૧)
  - ૬૦૦ વર્ષ પછી ફિલિપિન્સના લુઝોન ટાપુ પર આવેલ જવાળામુખી માઉન્ટ પીનાટુબો ફરી સક્રિય થયો (૧૯૯૧)
  - અમેરિકાના એકતાલીસમા પ્રેસિડેન્ટ જયોર્જ એચ. ડબલ્યુ બુશનો જન્મદિવસ (૧૯૨૪)
- ૧૩ જુન :
  - ક્રાંતિકારી ગણેશ દામોદર સાવરકરનો જન્મદિવસ (૧૮૭૯)
  - નોલેબ પ્રાઈઝ પુરસ્કાર દક્ષિણ કોરિયાના પ્રેસિડેન્ટ કીમ-ડે જંગ અને નોર્થ કોરિયાના નેતા કીમ જોન્ગ-૨ વચ્ચે ઐતિહાસિક મિટીંગ યોજાઈ (૨૦૦૦)
  - ભાઈના મૃત્યુ પછી ખાલીદ ફલુદ સાઉદિ અરેબિયાના રાજા બન્યા (૧૯૮૨)
  - રજવાડાના રાજકુમાર દુલીપસિંહનો જન્મદિવસ (૧૯૦૫)
- ૧૪ જૂન : વિશ્વ રક્તદાતા દિવસ
  - ભારતીય ઉદ્યોગપતિ કુમાર મંગલમ્ બિરલાનો જન્મદિવસ (૧૯૬૭)
  - સિલોનના વતની છતાં ભારતને પોતાની કર્મભૂમિ બનાવનાર એડવર્ડ વિલિયમ આર્યનાક્રમનું નિધન (૧૯૬૭)
  - જર્મન ટેનિસ પ્લેયર સ્ટેફી ગ્રાફનો જન્મદિવસ (૧૯૬૯:
  - રશિયન મહિલા અવકાશયાત્રી વેલેન્ટીના તેરેસ્કોવા વોસ્ટોક-૬ યાન દ્વારા અવકાશમાં ગયા (૧૯૬૩)
- ૧૫ જૂન :
  - બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સ્પેઈનના મરીન આઈલેન્ડ પર અમેરિકન મરીન્સ દ્વારા હુમલો કરાયો (૧૯૪૪)
  - રબર વેલ્કેનાઈઝેશન પદ્ધતિ માટે ચાર્લ્સ ગૂડયરે પેટન્ટ મેળવ્યા (૧૮૪૪)
  - કોન્ટીનેન્ટલ કોંગ્રેસ દ્વારા જયોર્જ વોશિંગ્ટનને કમાન્ડર ઈન ચીફ બનાવવામાં આવ્યા (૧૭૭૫)
  - ન્યાયમૂર્તિ અબ્બાસ તૈયબજીનું નિધન (૧૯૩૯)
- ૧૬ જૂન :
  - રાષ્ટ્રભક્ત બાબુ ચિતરંજનદાસનું નિધન (૧૯૨૫)
  - ખંડકાવ્ય સ્વરુપના સર્જન મણિશંકર રત્નજી ભટ્ટની પુણ્યતિથિ (૧૯૨૩)
  - અમેરિકન સાહિત્યકાર જોયેશ કારોલ ઓરેશનો જન્મદિવસ (૧૯૩૮)
  - જર્મન પોલિટીશીયન હેલમન્ટ કોહલનું ૮૭ વર્ષની ઉંમરે અવસાન (૨૦૧૭)
- ૧૭ જૂન : ચીને પરમાણું પરિક્ષણ કર્યું (૧૯૬૭)
  - બંગાળના રાજકીય અને કેળવણીકાર તરીકે નામના મેળવનાર સર પ્રફુલચંદ્ર રેનું નિધન (૧૯૪૪)
  - મશહુર અમેરિકન પોપ સિંગર બેરી મનીલોનો જન્મદિવસ (૧૯૫૩)
  - આઈસલેન્ડ પોતાને સ્વતંત્ર દેશ જાહેર કર્યો (૧૯૪૪)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં બનેલ રાજકીય ઘટનાક્રમમાં કયા સનદી અધિકારી માટે વિવાદ ઘેરો બન્યો?

જવાબ : અલપન બંદોપાધ્યાય

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત આર રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭ (૪) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૫) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા.કૉલેજ. (૬) મહેશ એમ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) મીત પી પટેલ : સે-૨૩ (૯) ધવલ ડી પટેલ : સે-૨૪ (૧૦) આકાશ જી પટેલ : ન્યૂ ગાંધીનગર

### આ સપ્તાહનો સવાલ

ઉતરપ્રદેશના કોંગ્રેસના કયા પૂર્વ કેન્દ્રિય મંત્રીએ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# અજબ તેરી કારીગરી હૈ કરતાર!
# ઈશ્વરે આ ના આપ્યું હોત તો?

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**



રેડિયો પર પહેલાં આ ગીત સાંભળયું :
'ભૂલી હુઈ યાદે મુજે ઈતના ના સતાવો,
અબ ચૈન સે રહને દો મેરે પાસ ના આઓ.'
ને થોડીવાર પછી બીજું ગીત વાગ્યું :
'બચપન કે દિન ભૂલાના દેના....'

બંને વિરોધાભાસી ગીતો સાંભળીને વિચારે ચડ્યો કે માનવીનું મન કેવું વિચિત્ર છે! એને કેટલીક યાદોને ભૂલાવી છે અને કેટલાંક સ્મરણોમાં રાચવું પણ છે. આપણે યાદોના સહારે જીવવું છે તો કેટલીક યાદો સહેવાતી પણ નથી. સંશોધનો મુજબ સામાન્ય માણસનું મગજ ૨.૫ ગીગા બાઈટ્સ જેટલી વાતનો સંઘરી રાખવાની શક્તિ ધરાવે છે. એક મિલિયન એટલે દસ લાખ. મતલબ આપણા મગજની 'સ્ટોરેજ કેપેસિટી' અધધધ... છે. દિમાગમાં આટલું બધું પડ્યું હોવા છતાં ઈશ્વરે મગજનું તંત્ર એવું ગોઠવ્યું છે કે સંઘરાયેલું સઘળું સતત સતત યાદ નથી આવ્યા કરતું. આપણે જે યાદ કરવા ઈચ્છતા હોઈએ છીએ તે જ યાદ આવે છે. 'હા, કયારેક જે યાદ કરવું હોય તે ગમે એટલી મગજમારી કરીએ ને દિમાગનું દહીં કરી નાંખીએ ને તો પણ યાદ ના આવે તે ના જ આવે...ને છેવટે કહેવું પડે છે કે 'હૈયે છે પણ હોઠે નથીં આવતું.'ભગવાને આ રાહતજનક સિસ્ટમ ફીટ ના કરી હોતો તો મગજના 'સ્ટોરેજ'માં ડિપોઝીટ થયેલી બધી વાતો સતત આપણને યાદ આવતી રહેતી હોત... જેટલી વ્યક્તિઓને મળ્યા હોઈએ, જેટલા સારા-માઠા પ્રસંગો એટેન કર્યા હોય, કુટુંબ-પરિવારમાં જેટલા સભ્યો હોય અને જે વિદાય લઈ ચૂક્યા હોય એ બધું - એ બધાની સાથેની વાતો,ઘટેલી ઘટનાઓ, કરેલા વ્યવહારો, આ બધું સતત જ યાદ આવતું રહેતું હોત તો તો આપણે બીજું કોઈ કામ કરી જ ના શક્યા હોત! એક યાદ ચાલતી હોય ત્યાં બીજી ઘૂસી આવે... એ ચિત્તનો કબજો જમાવી બેસે ત્યાં ત્રીજી-ચોથી-પાંચમી-પંદરમી વાત - ઘટના - વ્યક્તિ યાદ બનીને આક્રમણ કરતી હોત... તો આપણી શી દશા થાત ! પણ 'થેંક ગોડ' કે એવું નથી બનતું. સર્જનહારે મગજની એવી સરસ સિસ્ટમ ડિઝાઈન કરીને આપણને મોકલ્યા છે કે જયારે મગજમાં 'સ્ટોરેજ'નું જે ખાનું ખોલીએ જે સ્મરણો બહાર કાઢવાં હોય તે કાઢી શકીએ છીએ. સુખદ સ્મરણો કાઢી આનંદ લઈ શકીએ છીએ, પીડાદાયક યાદો કાઢીને દુઃખી થઈ શકીએ છીએ... વળી, ઈશ્વરે માણસને યાદ રાખવા સાથે ભૂલવાની શક્તિ બક્ષીને ય બહુ મોટો ઉપકાર કર્યો છે એમ નથી લાગતું? ગીતો સાંભળીને દિમાંગ જે વિચારી રહ્યું હતું તે અમે, અમારી રોજની ચાના કાયમી, મફતિયા ગ્રાહક શ્રીમાન લાલાકાકા આવ્યા એટલે એમને કહ્યું, એ સાંભળીને રેડ અંકલ બોલ્યા : 'પનુભાઈ, ઈશ્વરની કારીગરી, કરામતને આવી લીલાની તો વાત જ ના પૂછશો.' ભગવાને માણસનું મોડેલ ડિઝાઈન કર્યું હશે ત્યારે આગળ-પાછળનું કેટલું બધું વિચારીને ગણતરીઓ માંડી હશે અને ગોઠવણો કરી હશે, હેં !' 'રાઈટ, અંકલ એ તો છે જ.' 'યાદોની માફક ઈશ્વરે જે બીજી વ્યવસ્થા ગોઠવી છે તેય કમાલની છે... ભગવાન જગતમાં જેને મોકલે છે તેને એક્સપાયરી ડેટનો સિક્કો મારીને જ મોકલે છે તે શું કામ ? જો આવી વ્યવસ્થા ના કરી હોત તો ? ઘર-પરિવારમાં કોઈ મરતું જ ના હોત તો શું દશા થાત?' 'હેં? ઘર ભરાઈ જાત...' 'ના, ઘરો ઉભરાઈ જાત...' પિતાશ્રી, એમના, એમના ને એમના ય પિતાશ્રી, બધાનાં માતુશ્રીઓ સૌ જીવિત બેઠા હોત તો કેવાં ઘરોની જરૂર રહેત... ને આ જીવિત વૃદ્ધાવસ્થાવાળાં ઢગલાબંધ સગાં-સ્વજનોને કાયમ માટે સાચવવાનું કામ કેટલું કપરું બની રહ્યું હોત ને કોણ કરત...?' 'હાં, હોં અંકલ.... એટલે ટાઈમ થતાં વારાફરતી દરેક વિદાય લે ને બીજા માટે જગા કરી આપતા જાય એવા ઈશ્વરના આયોજનને દાદ જેવી જ રહી...' 'બિલકુલ... પનુભાઈ, ઈશ્વરે આપણને બીજી એક શક્તિ આપી છે, દરેક વાતમાં સમાધાન શોધી લેવાની શક્તિ...' 'અંકલ, સમજાયું નહીં.... ઉદાહરણ આપી સમજાવો.' અમે કહ્યું... 'ખાધેપીધે સુખી ઘરનાં, વધુ પડતી સારી શરીર સમૃદ્ધિ ધરાવતાં બહેન આમ રોજ જીવ બાળે કે 'બે જ રોટલી ખાઉં છું.... તળેલું - ગળ્યું તો અડતી ય નથી તોય શરીર ઘટતું નથી... શું કરું? ' પણ એ જ બહેન બીજા કોઈ એમના જેવાં ને જોઈને તરત મન મનાવશે કે 'બાપ રે.... આ તો જો... ના,ના એના કરતાં તો હું ચોક્કસ પાતળી છું....' મન શોધી કાઢે છે સમાધાન. 'હાં, અંકલ.... સાવ સુકલકડી વ્યક્તિ કોઈ 'બોડી બિલ્ડર' ને જોઈને જલે ને અફસોસ ય કરે. પરંતુ પાછું મન જોડે સમાધાન એમ કહીને કરી લે કે પાતળા છીએ તે સારું છે... કૂતરું પાછળ પડ્યું હોય તો સ્પીડથી ભાગી શકાય છે. ગમે તેવી ભીડમાં જગ્યા કરી લેવાય છે... અરે, કોઈની જોડે ઝઘડો થાય અને પ્રારંભિક વાક્ યુદ્ધ શારીરિક યુદ્ધમાં ફેરવાય તો ફટ્ દઈને 'નવ દો ગ્યારા' કરી શકાય છે... જાડા હોઈએ તો હાડકાં ખોખરાં કરાવવાનો જ વારો આવે...'

'હં... આ છે ભગવાને દીધેલી સમાધાન મેળવવાની અતિ ઉપયોગી શક્તિ....'

'અંકલ, આપણે કોઈ મુશ્કેલી-પ્રશ્નમાં સલવાયા હોઈએ છીએ ત્યારે પહેલાં તો એમાંથી નીકળવા કેટલાય ધમપછાડા કરીએ છીએ... કંઈ ના વળે ત્યારે છેવટે કહીએ છીએ કે ઈશ્વરને ગમ્યું તે ખરું.... ને ભગવાન જે કરતો હશે તે સારા માટે... આ પણ મનનું સમાધાન કરી સુખી થવાની એણે જ ગોઠવી આપેલી વ્યવસ્થા ખરી કે નહીં?'

'હા, પનુભાઈ... માટે તો આપણે 'ઈશ્વર મહાન છે' ને અંગ્રેજો 'ગોડ ઈઝ ગ્રેટ' કહે છે ને! રેડ અંકલે કહ્યું ને પછી અચાનક યાદ આવતાં બોલી ઊઠ્યા : 'આજે હજી ચા ના આવી ? કેમ એમ ?'

'અંકલ, કદાચ આજે તમને ચા વગરના રાખવા પાછળ પ્રભુનો કોઈ સંકેત હશે એમ મન જોડે સમાધાન કરી લો...'

'ના, હોં... મફતિયા ચાની વાતમાં સમાધાન સ્વીકારે એ બીજા, આ તમારા લાલાકાકા નહીં, હોં!!'